UK Health Security Agency

NHS



# કોરોનાવાઈરસ (કોવિડ-19)

# બાળકો તેમજ યુવાન લોકો માટે રસીકરણનો કાર્યક્રમ

## માતાપિતા માટે માર્ગદર્શિકા



### મારે શા માટે મારા બાળકને રસી અપાવી દેવી જોઈએ?

આમ તો મોટાભાગનાં યુવાન લોકોમાં COVID-19 સામાન્ય રીતે હળવો અથવા તો કોઈ ચિહ્નો વગરનો હોય છે, પરંતુ કેટલાંક લોકો માટે તે ખૂબ જ અસુખ આપનારો બની શકે છે. રસીનો એક આખો કોર્સ લઈ લેવાથી ગંભીર બીમારી તેમજ હોસ્પિટલમાં દાખલ થવા સામે સારું રક્ષણ મળી રહેશે.

12 થી 15વર્ષનાંને રસી આપવાથી યુવાન લોકોએ સ્કૂલમાંથી રજા નહિ પાડવી પડે અને સ્કૂલોની અંદર પણ કોવિડ-19 ફેલાવાનું જોખમ ઓછું થશે.

એટલા માટે, સેકન્ડરી સ્કૂલોમાં કોવિડ-19 રસીના કાર્યક્રમથી યુવાન લોકોને સુરક્ષા મળવી જોઈએ અને રૂબરૂ અભ્યાસ મેળવવા સામે પડતી ખલેલ ઓછી થવી જોઈએ. આના લીધે યુવાન લોકો લાગણીશીલ રીતે તંદુરસ્ત તેમજ વધુ ખુશ રહી શકશે અને ચીફ મેડિકલ ઓફિસરો માટે ધ્યાનમાં લેવા જેવી આ એક અગત્યની બાબત હતી.

# કોરોનાવાઈરસ (કોવિડ-19) રસી

કોવિડ-19 રસીથી કોવિડ-19નો ચેપ લાગવાની શક્યતાઓ ઓછી કરવામાં મદદ થાય છે અને ગંભીર રોગ થવા સામે સારું રક્ષણ મળી રહે છે. રસીના પહેલા ડોઝથી સુરક્ષા ઊભી થવામાં એકાદ બે અઠવાડિયાંનો સમય લાગી શકે.

## યુવાન લોકો માટે તે સલામત છે?

દવાઓ માટેના નિયંત્રક, મેડિસિન્સ એન્ડ હેલ્થકેર પ્રોડક્ટ્સ રેગ્યુલેટરી એજન્સી Medicines and Healthcare products Regulatory Agency (MHRA)એ ચોક્કસ કર્યું છે કે 12થી 17 વર્ષની વયનાં માટે Pfizer રસી સલામત અને અસરકારક છે.

આ વય જૂથનાં લોકોમાં આ રસીની સુરક્ષિતતા, ગુણવત્તા તેમજ અસરકારકતા ઉપરની કડક સમીક્ષાઓ બાદ આ તારણ કાઢવામાં આવ્યું છે.

યુ.કે.ને યુ.એસ. કેનેડા તેમજ ઈઝરાયેલ પાસેથી મળેલા આંકડાઓનો પણ લાભ મળ્યો છે, જેમણે 12થી 15 વર્ષનાં યુવાન લોકોને એક સરખી રીતે આ રસીઓ આપેલી છે.

આ વિશે આ વિડીયોમાં વિગતવાર સમજાવવામાં આવ્યું છે.

https://twitter.com/DHSCgovuk/status/1434441175281274890

https://twitter.com/DHSCgovuk/status/1405246298320637960

## રસીઓ આટલી જલદી કેવી રીતે બનાવવામાં આવી છે?

તમામ રસીઓના 3 તબક્કાના તબીબી પ્રયોગો કરવામાં આવ્યા હતા અને વિશ્વભરમાં તે હજારો લોકો ઉપર ચકાસવામાં આવી હતી. પ્રયોગાત્મક તબક્કાઓ એકબીજાની સમાંતરે ચલાવવામાં આવ્યા હતા, જેથી કટોકટીપૂર્ણ સંશોધનનો સમય નહિ પણ રસી ઉત્પાદનનો એકંદર સમય ઝડપી કરી શકાય. ડિસેમ્બર 2020થી યુ.કે.ભરમાં Pfizer રસી લાખો લોકોને અપાઈ ચૂકી છે અને તેની સલામતીનો રેકોર્ડ સર્વોત્તમ છે.

આ વિશે આ વિડીયોમાં વિગતવાર સમજાવવામાં આવ્યું છે.

https://twitter.com/DHSCgovuk/status/1375364398601039872

https://twitter.com/DHSCgovuk/status/1421206463297441793

## સામાન્ય આડઅસરો

બધી દવાઓની જેમ, રસીઓની આડઅસરો થઈ શકે છે. આમાંની મોટાભાગની અસરો હળવી અને થોડા સમય પૂરતી હોય છે અને દરેકજણને તે થતી નથી. અત્યંત સાધારણ આડઅસરો એકાદ 2 દિવસ સુધી જ રહેવી જોઈએ.

પહેલા એક કે 2 દિવસમાં થતી સાવ સામાન્ય આડઅસરોમાં સમાવેશ થાય છે:

- તમે તમારું ઈન્જેક્શન લીધું હોય તે હાથનું બાવડું દુખવું, ભારે કે આળું થઈ જવું
- થાક લાગવો
- માથાનો દુખાવો, સ્નાયુઓનો દુખાવો તેમજ ધ્રુજારી
- યુવાન લોકોને એક કે 2 દિવસ માટે ફ્લૂ જેવાં ચિહ્નો સાથે ક્યારેક ધ્રૂજારી કે કંપારી આવે એવું બની શકે.

અમારું સૂચન છે કે યુવાન લોકોએ આરામ કરવો જોઈએ અને તબિયત સારી કરવામાં મદદ માટે પેરાસિટામોલ લઈ શકે (ડોઝ માટે પૅકેટ પર આપેલી સલાહ અનુસરો).

## અત્યંત ભાગ્યે જ થતી ગંભીર આડઅસરો

વિશ્વભરમાં, તાજેતરમાં કોવિડ-19 માટેની રસીઓ લીધા બાદ અત્યંત જવલ્લે જ જોવા મળતા હૃદયમાં બળતરા થવાના માયોકાર્ડાઈટિસ કે પેરિકાર્ડાઈટિસ તરીકે ઓળખાતા કેસો નોંધવામાં આવ્યા છે. આમાંના મોટાભાગના લોકોને આરામ તેમજ સરળ સારવારો બાદ સારું લાગ્યું છે.

આ કેસો મોટાભાગે યુવાન પુરુષોમાં જોવા મળ્યા છે અને તે મુખ્યત્વે બીજો ડોઝ લીધાના થોડા દિવસોની અંદર થાય છે; રસીનો પહેલો ડોઝ લીધા પછી માયોકાર્ડાઈટિસ થવાનું અત્યંત ભાગ્યે જ બન્યું છે.

## રસીકરણ બાદ શું મારા બાળકને નિરીક્ષણ હેઠળ રાખવામાં આવશે?

રસીની ગંભીર એલર્જીક પ્રતિક્રિયા થવાનું ખૂબ જ ભાગ્યે જ બને છે પરંતુ સામાન્યત: તે ઈન્જેક્શન આપ્યાની થોડીક મિનિટોમાં જ થઈ જતું હોય છે. સ્કૂલની ઉંમરનાં બાળકોના રસીકરણની સેવાની તમામ ટુકડીઓને એલર્જીક પ્રતિક્રિયાઓ પકડી પાડવામાં અને તેની સામે સંભાળ લેવામાં પૂરી તાલીમ મળેલી હોય છે આથી એલર્જી ધરાવતાં તમામ બાળકોને 15 મિનિટ સુધી દેખરેખ હેઠળ રાખવામાં આવશે.

સ્કૂલની ઉંમરનાં બાળકોના રસીકરણની સેવાના તમામ પ્રોવાઈડરો એલર્જીક પ્રતિક્રિયાની સારવાર કરવા માટેનાં જરૂરી સાધનો લઈને આવશે. સામાન્ય ખોરાકી ચીજોની એલર્જી ધરાવતાં બાળકોને આ ગંભીર એલર્જીઓ થવાનું વધારાનું જોખમ નથી.

## કોવિડ-19 રસી વિશે હું વધુ માહિતી ક્યાંથી મેળવી શકું?

માતાપિતાઓ અને યુવાન લોકો માટે NHS પત્રિકાઓ વધારે માહિતી પૂરી પાડે છે, જેમાં તે કેવી રીતે કામ કરે છે અને કોવિડ-19 રસીકરણ પછી શું અપેક્ષા રાખવી વગેરેનો સમાવેશ થાય છે.

વધુ સહેલાઈથી વાપરી શકાય તેવાં સ્વરૂપોમાં મંજૂરી આપવાનું ફોર્મ મળી શકે છે અને શીખવાની અસક્ષમતા કે ઓટિઝમ ધરાવનારાં માટે પત્રિકાઓ ઉપલબ્ધ છે. અમારી પાસેથી BSL વિડિયો પણ મંગાવી શકાય કે ડાઉનલોડ કરી શકાય છે. અનુવાદો પણ મળી શકે છે.





# સ્કૂલોમાં રસીકરણ કેવી રીતે કામ કરશે

સ્કૂલોમાં કરવામાં આવતા રસીકરણના તમામ પ્રોગ્રામોની જેમ જ, આ રસીઓ પણ સ્કૂલની ઉંમરનાં બાળકોને રસી આપતી સેવાના પ્રોવાઈડર દ્વારા આપવામાં આવશે, જેઓ સ્કૂલ સાથે નિકટતાથી મળીને કામ કરશે.

## રસી માટેની લાયકાત અને સમય

### કોણ રસી લઈ શકે છે અને ક્યારે?

12થી 17વર્ષની વયનાં જે યુવાન લોકોને ચેપ લાગવાથી ઘણું વધારે જોખમ રહેલું હોય તેમને અથવા જેઓ રોગપ્રતિકારક શક્તિના અભાવવાળી કોઈ વ્યક્તિ સાથે રહેતાં હોય, તેમને પણ 8 અઠવાડિયાંના અંતરે રસીના 2 ડોઝ આપવામાં આવ્યા છે.

12થી 15 વર્ષની વયનાં તમામ યુવા લોકોને 12 અઠવાડિયાંના અંતરે રસીના 2 ડોઝ આપવામાં આવી રહ્યા છે. આ રસીકરણ સ્કૂલોના કાર્યક્રમ અંતર્ગત તેમજ કેટલાક રસીકરણ કેન્દ્રોમાં આપવામાં આવશે.

### મારા બાળકના COVID-19 ટેસ્ટનું પોઝિટિવ પરિણામ આવ્યું હોય તો શું થશે?

તમારા બાળકનું જો COVID-19 માટે પોઝિટિવ પરિણામ આવ્યું હોય તો તેમણે સ્કૂલમાં કે રસીકરણ કેન્દ્રમાં તેમની રસી માટેની બેઠક/અપોઈન્ટમેન્ટમાં જવું ન જોઈએ. તેમણે સેલ્ફ-આઈસોલેટ કરવું જોઈએ અને તેમનો પહેલો કે બીજો ડોઝ લેવા માટે 12 અઠવાડિયાની રાહ જોવી જોઈએ. જે બાળકો પર વધારે જોખમ રહેલું હોય, તેમણે ટેસ્ટનું પોઝિટિવ પરિણામ આવ્યા પછી રસી લેતાં પહેલાં 4 અઠવાડિયાં સુધી રાહ જોવી જોઈએ.

### સ્કૂલમાં જે દિવસે રસી આપવામાં આવતી હોય તે દિવસે મારા બાળકને તે ન મળે તો શું થશે?

12થી 15 વર્ષના કોઈ પણ યુવાન લોકોને રસીકરણના દિવસે જો રસી ન મળે, તો તે માટે કેચ-અપની ગોઠવણો કરવામાં આવશે, જેની વિગતો રસીકરણની સેવા પૂરી પાડનાર તે સ્કૂલને આપશે. આમાં સ્કૂલનાં બાળકોને રસી આપનાર સેવાના પ્રોવાઈડર સ્કૂલમાં આવ્યા હોય તે દિવસ પછી જે બાળકો 12 વર્ષનાં થયાં હોય તેમનો પણ સમાવેશ થઈ જાય છે.

**રસી આપવામાં આવી રહી હોય તે દિવસે મારા બાળકની તબિયત સારી ન હોય અથવા તેમને કોઈ આરોગ્યની બીમારી હોય તો શું થશે?**

જો કોઈ યુવા વ્યક્તિ તે દિવસે બીમાર હોય, તો તેમને રસી આપવી કે નહિ તેનો નિર્ણય સ્કૂલનાં બાળકોનું રસીકરણ કરતી સેવાના પ્રોવાઈડર લેશે.

જે બાળકો તેમની સ્કૂલમાં પહેલી રસી લેવાનું ચૂકી ગયાં હોય તેમને બાદમાં રસી આપવાનું ગોઠવવામાં આવશે. આનાથી નીચેનાં બાળકોને રસી આપી શકવાની ખાતરી કરવામાં મદદ મળશે:

- જો તમારું બાળક રસીની બેઠકના દિવસ પછી 12 વર્ષનું થતું હોય
- તે દિવસે તમારું બાળક સ્કૂલમાં ગેરહાજર હોય
- તમારા બાળકને તાજેતરમાં કોવિડ-19નો ચેપ લાગેલ હોય
- રસી લેવી કે નહિ તે માટે તમારો વિચાર બદલો અથવા તેનો નિર્ણય લેવામાં તમને થોડો વધારે સમય જોઈતો હોય

વ્યક્તિગત યુવાન લોકો માટે રસીની યોગ્યતા વિશેના તમામ પ્રશ્નો સ્કૂલનાં બાળકોનું રસીકરણ કરતી સેવાના જે પ્રોવાઈડર રસીઓ આપી રહ્યાં હોય તેમને પૂછવા જોઈએ, જેઓ આ કૅચ-અપની બેઠકો વિશેની માહિતી પણ તમને આપી શકશે.

## મારા બાળકને ઘરે રાખીને શિક્ષણ આપવામાં આવે છે, અને તે સ્કૂલે જતું નથી, શું તેમને આ પ્રોગ્રામના ભાગરૂપે રસી આપવામાં આવશે?

લાયક ઉંમરનાં તમામ યુવાન લોકો, જે સ્કૂલમાં હાજરી ન આપતાં હોય, દાખલા તરીકે, જેઓ ઘરે રહીને ભણતાં હો કે સુરક્ષિત રહેઠાણમાં રહેતાં હોય, તેમને રસી આપવામાં આવવી જોઈએ. સ્કૂલનાં બાળકોનું રસીકરણ કરતી સેવાના પ્રોવાઈડર પાસે આ યુવાન લોકોને રસી આપવા માટેની યોજનાઓ હશે.

## મારું બાળક 12 વર્ષથી મોટું છે, પણ તે વધુ અભ્યાસની કોલેજમાં છે, સ્કૂલમાં નહિ, શું તેમને આ પ્રોગ્રામના ભાગરૂપે રસી આપવામાં આવશે?

હા. લાયક બનતી ઉંમરનાં જૂથનાં તમામ બાળકો, જેઓ સ્કૂલમાં ન જતાં હોય તેમને રસી આપવામાં આવવી જોઈએ. સ્કૂલનાં બાળકોનું રસીકરણ કરતી સેવાના પ્રોવાઈડર પાસે આ બાળકોને રસી આપવાની યોજનાઓ હશે.

## મારું બાળક ખાસ પ્રકારની સ્કૂલમાં જાય છે, શું તેમને આ પ્રોગ્રામના ભાગરૂપે રસી આપવામાં આવશે?

હા. સ્કૂલનાં બાળકોનું રસીકરણ કરતી સેવાના પ્રોવાઈડરોને ખાસ પ્રકારની સ્કૂલોમાં જતાં બાળકોને રસી આપવાનું કામ સોંપવામાં આવ્યું છે.

## શું 12થી 15 વર્ષનું બાળક કોવિડ-19 વૉક-ઈન સ્થળે જઈને રસી લઈ શકે, જો આ જલદી થઈ જતું હોય તો?

હા, આ ઉંમરનાં લોકો નેશનલ બુકિંગ સેવા (National Booking Service)નો ઉપયોગ કરી શકે છે અથવા 119 પર કોલ કરી શકે અને તેઓ વૉક-ઈન સેન્ટરોમાં પણ જઈ શકે છે.



## મંજૂરી આપવાની પ્રક્રિયા કેવી રીતે કામ કરે છે?

તમામ માતાપિતાઓ અથવા જેમના પર માતા કે પિતા તરીકેની જવાબદારી હોય તે લોકોને મંજૂરી માટે પૂછવામાં આવશે, અને સામાન્ય રીતે તેઓ તેમનાં બાળકોની સાથે મળીને સંયુક્તપણે આ નિર્ણય લેશે. માહિતી પત્રિકા (રસી મેળવનાર તરીકે) બાળકને ઉદ્દેશીને લખવામાં આવી છે અને રસી લેવા વિશેના નિર્ણયની તેમનાં માતાપિતા સાથે ચર્ચા કરવાનું તેમને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે.

સેકન્ડરી સ્કૂલોમાં, કેટલાંક યુવાન લોકો તેમની પોતાની જાતે મંજૂરી આપવા પૂરતાં પરિપક્વ હોઈ શકે છે. આવું ક્યારેક થાય છે જ્યારે માતાપિતાએ મંજૂરી માટેનું ફોર્મ પાછું ન મોકલાવ્યું હોય પણ જે દિવસે રસી આપવામાં આવી રહી હોય તે દિવસે બાળક પોતે રસી લેવા માગતું હોય. માતાપિતા પાસેથી મૌખિક મંજૂરી લેવા માટે તેમનો સંપર્ક કરવાના તમામ પ્રયત્નો કરવામાં આવશે.

આ એક સારી રીતે સ્થાપિત થયેલ પ્રક્રિયા છે, જેના વિશે તમે સ્કૂલમાં અપાતી બીજી રસીકરણના કાર્યક્રમ ઉપરથી વાકેફ હશો.

## કોઈ યુવાન વ્યક્તિ પોતાની જાતે મંજૂરી આપી શકે કે નહિ તેનો નિર્ણય કોણ લે છે?

સેકન્ડરી સ્કૂલોમાં, કેટલાંક યુવાન લોકો તેમની પોતાની જાતે મંજૂરી આપવા પૂરતાં પરિપક્વ હશે. સ્કૂલ રસીકરણ ટીમના આરોગ્ય સંભાળના વ્યવસાયિકો તે યુવાન વ્યક્તિ સાથે વાત કરશે અને માતાપિતાનો સંપર્ક કરવાના તમામ પ્રયાસ કરશે. આ વ્યવસાયિકો યુવાન લોકોના રસીકરણના નિષ્ણાત હોય છે અને તે યુવા વ્યક્તિ સ્વ-મંજૂરી આપવા માટેની પૂરતી સમજણ ધરાવે છે કે નહિ તેની આકારણી કરવા માટે જવાબદાર રહેશે (આને 'ગિલિક કોમ્પીટન્સ' Gillick competence કહેવાય છે).

આ એક સારી રીતે સ્થાપિત થયેલ પ્રક્રિયા છે, જેના વિશે તમે સ્કૂલમાં અપાતી બીજી રસીકરણના કાર્યક્રમ ઉપરથી વાકેફ હશો.

તમે Gillick competence સહિત મંજૂરી આપવા વિશે વધારે માહિતી માટે રસીકરણ માટેની લીલા રંગની પુસ્તિકા (Green book of immunisation) વાંચી શકો છો – www.gov.uk/government/publications/consent-the-green-book-chapter-2.

## પોતાના બાળકનું રસીકરણ કરાવવાનો માતાપિતા ઈનકાર કરી શકે?

હા. આ રસી લેવાનું ફરજિયાત નથી. રસી માટેની મંજૂરી માતાપિતા પાસેથી માગવામાં આવશે. યુવાન વ્યક્તિ પોતે રસી લેવા ઈચ્છતાં હોવાનું જણાવે અને તેઓ પોતે તે માટે માહિતીસભર મંજૂરી આપવાની ક્ષમતા પણ ધરાવતાં હોઈ શકે. માતાપિતાને તેમનાં બાળકો સાથે પહેલેથી વાતચીત કરવા પ્રોત્સાહિત કરવાં જોઈએ જેથી રસીકરણની બેઠક થતાં પહેલાં જ તેમની વચ્ચે મંજૂરી ઉપર સહમતી થયેલી હોય.

**જો મંજૂરી નહિ મળી હોય, અને યુવાન વ્યકતિ ગિલિક કોમ્પીટન્ટ (Gillick competent) નહિ હોય અથવા રસી લેવા નહિ માગતા હોય, તો રસીકરણ કરવામાં નહિ આવે.**

## જો માતા કે પિતાએ મંજૂરી ન આપી હોય, પણ યુવાન વ્યક્તિ રસી લેવા માગતા હોય, તો શું થશે?

સૂચવવામાં આવેલ પ્રક્રિયામાં, જેમ કે રસીકરણમાં શું સંકળાયેલું છે તેની જે યુવાન વ્યક્તિને પૂરેપૂરી સમજણ હોય, તેઓ કાનૂની રીતે મંજૂરી આપી શકે છે. આ 'ગિલિક કોમ્પીટન્સ' તરીકે ઓળખાય છે.

જો માતા કે પિતા તરફથી કોઈ મંજૂરી નહિ મળેલી હોય, પરંતુ યુવાન વ્યક્તિ પોતે રસી લેવા માગતી હોય અને તેઓ ગિલિક કોમ્પીટન્ટ હોવાનું આરોગ્ય સંભાળ વ્યવસાયિકનું માનવું હોય, તો તે યુવાન વ્યક્તિને રસી આપી શકાય છે.

આ કિસ્સામાં, સ્કૂલનાં બાળકોનું રસીકરણ કરતી સેવાના પ્રોવાઈડર માતા કે પિતાનો સંપર્ક કરવાના, માતાપિતા અને યુવાન વ્યક્તિ વચ્ચે સહમતી કરાવવાના તમામ પ્રયાસ કરશે. જો કે, માતા કે પિતા ગિલિક કોમ્પીટન્ટ યુવા વ્યક્તિનો નિર્ણય ઉથલાવી શકે નહિ.

તમે Gillick competence સહિત મંજૂરી આપવા વિશે વધારે માહિતી માટે રસીકરણ માટેની લીલા રંગની પુસ્તિકા (Green book of immunisation) વાંચી શકો છો – www.gov.uk/government/publications/consent-the-green-book-chapter-2.

# સામાન્ય પ્રશ્નો

## મારા બાળકને એલર્જીઓ છે, તેઓ રસી લઈ શકશે?

રસી ન લઈ શકે તેવાં બહુ ઓછાં બાળકો છે.

રસીકરણ કરતાં પહેલાં તમામ લોકોને એક પત્રિકા આપવામાં આવશે, જેમાં રસી વિશેની સુરક્ષાની માહિતી આપેલી હશે. આમાં એવી કોઈ પણ આરોગ્યની બીમારીઓ જેના લીધે યુવાન વ્યક્તિ રસી ન લઈ શકે તેના ઉપરની વધુ વિગતવાર માહિતીની લિન્ક પણ આપેલી હશે. Pfizer રસીઓ મેળવનારાં યુ.કે.નાં લોકો માટેની માહિતી તમે અહીંથી વાંચી શકો છો:

https://coronavirus-yellowcard.mhra.gov.uk/productinformation

તમામ યુવાન લોકો અને તેમનાં માતાપિતાઓ કે કેરરોને જો એલર્જીઓ અને COVID-19 રસીકરણ વિશે ચિંતા હોય તો તેમણે તેમના જી.પી.કે નિષ્ણાત સાથે સલાહમસલત કરવી જોઈએ.

## મેં સાંભળ્યું છે કે રસીથી અનિયમિત માસિકસ્ત્રાવ કે અણધાર્યો રક્તસ્ત્રાવ થાય છે?

માસિકસ્ત્રાવ (પિરિઅડ)ની તકલીફો અત્યંત સાધારણ છે અને તે તણાવ તેમજ ટૂંકા સમયની બીમારીઓ સહિતના અનેક પ્રકારનાં પરિબળોને કારણે થઈ શકે છે. કેટલાંક લોકોએ જણાવ્યું છે કે રસી લીધા પછીના મહિનામાં થોડા સમય માટે તેમના પિરિઅડમાં ગરબડ થઈ હતી, પરંતુ તે રસીને કારણે થયું હોવાના કોઈ પુરાવા નથી.

## શું રસીથી પ્રજનનક્ષમતા પર અસર થઈ શકે?

પુરૂષો કે સ્ત્રીઓમાં COVID-19 રસીઓને કારણે પ્રજનનક્ષમતા પર અસર થઈ હોવાના કોઈ પુરાવા નથી. બ્રિટિશ ફર્ટિલિટી સોસાયટી (British Fertility Society) ની વેબસાઈટ ઉપર કેટલીક ઉપયોગી માહિતી આપેલી છે.

## રસીમાં આલ્કોહોલ હોય છે?

Pfizer COVID-19 રસીમાં જરા પણ આલ્કોહોલ હોતો નથી, જે યુવાન લોકો માટે ભલામણ કરાયેલ રસી છે.

## COVID-19 રસીમાં પ્રાણીજન્ય પદાર્થો હોય છે?

MHRA એ ચોક્કસ કર્યું છે કે રસીઓમાં પ્રાણીજન્ય હોય તેવા કોઈ પદાર્થો નથી. તમામ પદાર્થોની યાદી MHRA ની વેબસાઈટ પરની આરોગ્ય સંભાળની માહિતીમાં પ્રકાશિત કરેલ છે.

આ વિડિયો વધુ માહિતી પૂરી પાડે છે:

https://twitter.com/DHSCgovuk/status/1387368497517236234

## જે યુવાન લોકો વીગન/શાકાહાર પસંદ, મુસલમાન કે જ્યુઈશ હોય તેમના માટે આ રસી યોગ્ય છે?

Pfizer રસીમાં કોઈ પ્રકારનો માંસાહારી પદાર્થ, પ્રાણીજન્ય પદાર્થો કે કોઈ ઇંડાં હોતાં નથી.

બ્રિટિશ ઈસ્લામિક મેડિકલ અસોસિએશ (British Islamic Medical Association)ને એક ઉપયોગી માર્ગદર્શિકા બનાવી છે, જે અહીંથી મેળવી શકાય છે https://britishima.org/operation-vaccination/hub/.

## રસીમાં COVID-19 હોય છે?

ના, રસીમાં કોઈ જીવંત વાઈરસ હોતા નથી.



# વધુ માહિતી

જો તમને રસી વિશે કોઈ પ્રશ્નો હોય, તો કૃપા કરીને સ્કૂલ રસીકરણ સેવા પૂરી પાડનાર સાથે વાત કરો. તેમના સંપર્કની વિગતો તમને માહિતી અને મંજૂરી માટેના ફોર્મ સાથે મળશે.

જો તમે આ નિર્ણય કે COVID-19ને કારણે અતિશય ભાવનાશીલતા કે તનાવ અનુભવતાં હો, તો કૃપા કરીને અહીંથી સહાયતા મેળવો www.nhs.uk/mental-health/nhs-voluntary-charity-services/charity-and-voluntary-services/get-help-from-mental-health-helplines.

12થી 15 વર્ષનાં માટે COVID-19 રસી, તે કેવી રીતે કામ કરે છે અને કોવિડ-19 રસીકરણ પછી શું અપેક્ષા રાખવી તે વિશે માતાપિતાઓ અને બાળકો વચ્ચે વાતચીત કરવા માટેની વધારાની માહિતી, નીચેની લિન્ક પરથી ઉપલબ્ધ છે: COVID-19 vaccination: resources for children and yound people - GOV.UK (www.gov.uk).










**Vaccination, helping to protect those most vulnerable.**

© Crown copyright 2021. Version 3 DEC 2021. 1p 350K NOV 2021 (APS).
UK Health Security Agency Gateway number: 20211081. Product code COV2021PFSGU Gujarati.

This leaflet is also available in Albanian, Arabic, Bengali, Bulgarian, Chinese, Estonian, Greek, Gujarati, Hindi, Panjabi, Latvian, Lithuanian, Polish, Portuguese Brazilian, Romany, Romanian, Russian, Somali, Spanish, Turkish, Twi, Ukrainian and Urdu paper copies.

To order more copies of this leaflet visit www.healthpublications.gov.uk or phone: 0300 123 1002 (8am to 6pm, Monday to Friday).